સંકલિત પ્રચાર પ્રસાર માટે એજન્સીનીપસંદગી
માટે રચાયેલ પસંદગી સમિતિને રદ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2023/0749/CHH Section
સચિવાલય, ગાંધીનગર.
તા. 21-06-2023

વંચાણે લીધા:-

(૧) અત્રેનો ઠરાવ ક્રમાંક: પીઆરસી/૧૦૨૦૨૧/૪૯૯૧૬૬/છ, તા. ૨૨/૦૩/૨૦૨૨ .

ઠરાવ :-

વિભાગના ત્રણેય પ્રભાગની યોજનાઓનો રાજ્યમાં સંકલિત રીતે પ્રચાર પ્રસાર થાય તે હેતુથી યોગ્ય એજન્સીની પસંદગી કરવા અને આ પસંદગી સમિતિએ કેવા માપ દંડ લાગુ કરીને એજન્સી પસંદગી કરવી તે માટે વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી પસંદગી સમિતિની રચના અને એજન્સીની પસંદગીના માપદંડો નક્કી કરવામાં આવેલ હતા. પ્રચાર-પ્રસારની કામગીરી માહિતિ ખાતા દ્વારા એમ્પેનલ કરાયેલ એજન્સી મારફત નિયત કરાયેલ દરે કરવાની રહે છે. આથી, ઉક્ત ઠરાવથી રચવામાં આવેલ સમિતિની કોઇ વિશેષ ઉપયોગિતા જણાયેલ નથી. પ્રચાર-પ્રસારની કામગીરી નિયત સમય-મર્યાદામાં પૂર્ણ કરી શકાય તે માટે તા.૨૨/૦૩/૨૦૨૨ના ઠરાવથી રચાયેલ સમિતિ વિખેરી નાખવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા ક્રમાંક-(૧) આગળના તા.૨૨/૦૩/૨૦૨૨ના ઠરાવને આથી રદ કરવામાં આવે છે.

આ ઠરાવ સમાનાંકી ફાઇલ પર માન.મંત્રીશ્રી(સાન્યા)ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(દ્રષ્ટિ શાહ)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સા.ન્યા. અને અ. વિભાગ
- નિયામકશ્રી (અ.જા.ક), ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
- નિયામકશ્રી (વિ.જા.ક.), ડૉ . જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર .
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી, બ્લોકનં.-૧૬, ડૉ .જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંયુક્ત/નાયબ સચિવશ્રી, (સસુ/વિજાક/અજાક) સા.ન્યા. અને અ. વિભાગ
- નાયબ નિયામકશ્રી(આઇ ટી), સા.ન્યા. અને અ. વિભાગ
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ – વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૩

Signature Not Verified
Signed by: Drashti Shah
Section Officer
Date: 2023.06.21

File No: SJED/MSM/e-file/17/2023/0749/CHH Section
Approved By: Sunaina Tomar(ACS,Secretary Office,SJED)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*